# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૮/ક્વા-૧/૨૧-૨૨/૪૨૨૫-૮ તા.૧૩-૦૭-૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૮/ક્વા-૧/૨૧-૨૨

અરજદાર: **શ્રીમતી શાંતાબેન ડી. કંડોલીયા** ગામ: **રાજકોટ**
પેટા વિભાગીય કચેરી : મવડી રોડ
રજૂઆત કરનાર: **અરજદાર શ્રીમતી શાંતાબેન ડી. કંડોલીયા વતી તેના પ્રતિનિધિ તરીકે શ્રી ધીરુભાઈ ડી. કંડોલીયા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી પી.જે.મહેતા પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩ **હાજર રહેલ છે.**

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - **શ્રીમતી નિતીનાબેન એચ. જોષી**

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પી.જી.વી.સી.એલ. , શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૦૬-૦૭-૨૦૨૧ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૬-૦૭-૨૦૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે તેઓ મવડી પેટાવિભાગીય હેઠળ આર.જી.પી.યુ ટેરીફ હેઠળ જોડાણ નં – ૩૦૬૦૮-૦૭૪૯૧-૮ થી ૦૭ કીવો નું વીજજોડાણ ધરાવે છે.

૨.૧ અરજદારની રજૂઆત મુજબ મીટર રીડર દ્વારા ૨૦-૨૦ દિવસે બિલીંગ નિયમ ભંગ કરીને તેઓની મનમાની મુજબ યુનિટો લખી અને ગ્રાહકને નુકશાન થાય તેવું કાર્ય કરે છે. સદર બાબતે તેઓએ તા.૨૭-૦૪-૨૦૨૧ થી મવડી પેટાવિભાગીય કચેરીને લેખિત રજૂઆત આપેલ છે.

૨.૨ મીટર રીડીંગ માટે મહિનામાં એકજ વખત રીડીંગ સાચું અને સચોટ લઇને બીલ આપવા અનુરોધ કરેલ છે. મીટર રીડર દ્વારા પોતાની ઈચ્છા મુજબ એવરેજ યુનિટનું બીલ આપવાને બદલે નિયમાધીન બીલ આપવા રજૂઆત કરેલ છે. વધુમાં મીટર રીડર દ્વારા ઓગષ્ટ-૨૦૨૦ તેમજ માહે સપ્ટેમ્બર-૨૦૨૦ ના બિલોમાં પુરાગ્રહ રાખીને રૂપિયા ૨૮૩૦/- ની રકમની બુરાઈ કરેલ છે. હજુ પણ તેમાં કોઈ સુધારો થયેલ નથી. જેથી સત્વરે ન્યાય કરવા અરજદારે રજૂઆત કરેલ છે.

૨.3 અરજદાર દ્વારા લેખિત રજૂઆત તા.૦૧-૦૭-૨૧ ના રોજ ઇનવર્ડ કરેલ છે તે મુજબ તેઓએ મવડી પેટાવિભાગીય કચેરીના નાયબ ઇજનેરને સંબોધીને જણાવેલ છે તે ફરિયાદ મુજબ માહે એપ્રિલ-મે-૨૦ તથા માહે જુન-જુલાઈ-૨૦૨૦ ના બીલોમાં કોઈ ફરિયાદ નથી પરંતુ માહે ઓગષ્ટ-૨૦૨૦ ના બીલમાં મીટર રીડર દ્વારા કોઇપણ જાતના રીડીંગ લીધા વગર મકાન બંધ છે તે એવરેજ બીલ આપેલ હતું. જેની છેલ્લી તા.૧૯-૦૮-૨૦૨૦ હોવા છતાં બીલની રકમ ભરપાઈ કરી આપેલ છે. ત્યારબાદ માહે સપ્ટેમ્બર-૨૦૨૦ ના બીલમાં માહે ઓગષ્ટ-૨૦૨૦ નું બીલ ઉમેરીને રૂ.૨૮૩૦ વસુલ કરી લીધા જે હકીકત અગાઉ જણાવેલ છે છતાં કોઈ કાર્યવાહી કરેલ નથી.વધુમાં પી.જી.વી.સી.એલ. દ્વારા રજુ કરેલ જવાબ માં જણાવેલ છે કે અમો અરજદાર દ્વારા મીટર રીડર ને બીલ બનાવવાની ના પાડેલ પરંતુ મીટર રીડર ને સુચના આપેલ હતી કે વીજબીલ ૨૦-૨૦ દિવસે કે દસ દિવસ વહેલુ મીટરનું રીડીંગ લેવા આવવું નહીં અને જેટલા યુનિટ હોય તેટલા યુનિટ રૂબરૂમાં લખવા જણાવેલ જેમાં કોઈ અભદ્ર ભાષા કે ગેર-વર્તણુક કરેલ નથી. આમ, સદર બાબત વજૂદ વગરની અને સત્યથી વેગડી વાત છે. વધુમાં માહે મે-૨૦ ના વીજબીલ ની તા.૨૫-૦૫-૨૦૨૧ ના રોજ હતી ત્યારબાદ જુન-૨૧ ના બીલ ની તા.૨૪-૦૬-૨૦૨૧ ની આસપાસ બીલ આપવું જોઈએ જેને બદલે તા.૨૧-૦૬-૨૦૨૧ ના રોજ બીલ આપેલ છે. આમ, ૦૪-૦૫ દિવસ વહેલું બીલ બનાવવાના નિયમનો સંચય થયો?વધુમાં અરજદારે સૂચન કરેલ છે તે મુજબ મીટર રીડર પાસે પોતાના નામનું ઓળખકાર્ડ હોવું જરૂરી છે જેથી નામ સરનામું જાણી શકાય.

૨.૨ અરજદારે ઉપરોક્ત ફરિયાદ / રજૂઆત ને ધ્યાને લઈને ન્યાય આપવા વિનંતી કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે – મવડીરોડ સબડીવીઝનના ગ્રાહક શ્રીમતી શાંતાબેન ડી. કંડોલીયાએ તેઓના રહેણાંક હેતુના ૭.૦ કિ.વો.ના વીજગ્રાહક નંબર-30૬0૮-0૭૪૯૧-૮ માં કંપનીના નિયમો અનુસાર ગ્રાહકશ્રીને માસિક વીજબીલ આપવામાં આવે છે.

3.૧ ગ્રાહકશ્રી દ્વારા મવડી રોડ સબડીવીઝનમાં તા.૨૭.૦૪.૨૦૨૧ ના રોજ મીટર રીડિંગ બાબતે ફરિયાદ કરેલ. જેના અનુસંધાને સબડીવીઝન દ્વારા બિલિંગ એજન્સીને પત્ર નંબર ૪૮૧૦ થી તા.૨૭.૦૪.૨૦૨૧ ના રોજ ટાઈમલી બિલિંગ બનાવવા તેમજ મીટરમાં નોંધાયેલ રીડિંગ હોય તેટલા જ યુનિટનું બિલ આપવા માટે પત્ર લખી જાણ કરેલ તેના અનુસંધાને એજન્સી દ્વારા ગ્રાહકશ્રીનુ માહે એપ્રિલ-૨૦૨૧નું બિલ તા.૧૮-૦૪-૨૦૨૧ ના રોજ બનાવેલ હતું. જેથી મે-૨૦૨૧નું બિલ તા.૨૦-૦૫-૨૦૨૧ ના રોજ બનાવવા ગયેલ તેમ છતાં ગ્રાહક દ્વારા મીટરરીડરને ધમકાવી તેમજ અભદ્ર ભાષા સાથે બીલ બનાવવાની ના પાડેલ હતી. તેમજ અત્યારે કોવિડ-૧૯

ની મહામારીને કારણે માર્ચ-૨૦૨૦ માં થયેલ સંપૂર્ણ લોકડાઉનને હિસાબે તેમજ બીલિંગ એજન્સીમાં કામ કરતાં માણસો અથવા તેમના પરિવારના સભ્યો કોરોના મહામારીને બીમાર પડવાને કારણે બિલિંગ ઘણું લેઈટ થયેલ તેથી તે સમયસર કરવા ધ ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટ દ્વારા તા.૨૪-૦૯-૨૦૧૫ ના રોજ પ્રસિદ્ધ કરેલ નોટિફિકેશન નં. ૪/૨૦૧૫ મુજબ માસિક બિલ કામકાજના ૩ દિવસ વહેલા અથવા મોડુ થઇ શકે તે મુજબ માન્ય કરેલ હોય તે મુજબ વીજબીલ કામકાજના 03(ત્રણ) દિવસ વહેલુ કરવું પડેલ હતું જે નિયમાધીન યોગ્ય છે.

૩.૨ વીજબીલ માહે ઓગસ્ટ-૨૦૨૦ માં ગ્રાહકને ૨૮૦ યુનિટનું રૂ.૧૯૯૬.૪૦ નું લોકનું બીલ આપેલ જે પ્રોવિઝન બીલ ગ્રાહકશ્રીને સપ્ટેમ્બર-૨૦૨૦ માં જમા પણ આવી ગયેલ છે અને સપ્ટેમ્બર-૨૦૨૦ માં રીડીંગ મુજબ નું બીલ પણ બનાવેલ છે.

3.3 વીજબીલ માહે મે-૨૦૨૧ ના બિલિંગમાં મીટર રીડર દ્વારા સ્થળ પર જ સબડીવીઝનના નાયબ અધિક્ષક સાથે ફોન પર વાત કરાવતાં તેમની સાથે પણ ફોનમાં તોછડાઈ ભર્યું વર્તન કરેલ તેમ છતાં ગ્રાહકશ્રીને બિલિંગ બાબતે જરૂરી સમજ આપવા તેમજ બિલ બનાવવા મીટર રીડર સાથે ઓફિસના કર્મચારી ગ્રાહકશ્રીના ઘરે રૂબરૂ ગયેલ હતા. તેમજ અત્યારે કોવિડ-૧૯ ની મહામારીને કારણે માર્ચ-૨૦૨૧ માં થયેલ સંપૂર્ણ લોકડાઉન ને હિસાબે તેમજ બીલિંગ એજન્સીમાં કામ કરતાં માણસો અથવા તેમના પરિવારના સભ્યો કોરોના મહામારીને બીમાર પડવાને કારણે બિલિંગ ઘણું લેટ થયેલ, તેથી તે સમયસર કરવા દરેક બિલ ૩ થી ૪ દિવસ વહેલું કરવું પડેલ હતું, અને તે માટે જ માર્ચ-૨૦૨૧ માં એક મહિનામાં બે બિલ થયેલ તેમજ સબડીવીઝન દ્વારા સમયસર બીલ મળી રહે તે માટે જરૂરી પગલાં લેવામાં આવે જ છે. સદર બાબત અરજદારને પેટાવિભાગીય કચેરી દ્વારા લેખિત પત્ર તા.૦૫-૦૫-૨૦૨૧ થી જાણકારી આપેલ છે.

૩.૪ અરજદારની રજૂઆત તા.૦૨-૦૭-૨૦૨૧ ના અનુસંધાને પેટાવિભાગીય દ્વારા તા.૦૫-૦૭-૨૧ થી અરજદારને લેખિત જવાબ આપેલ છે તેની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.0 અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

**૪.૧** અરજદારની મવડીરોડ સબડીવીઝન હેઠળ શ્રીમતી શાંતાબેન ડી. કંડોલીયાના નામે રહેણાંક હેતુનું ૭.0 કિ.વો.નું થ્રી ફેઇઝ વીજજોડાણ ગ્રાહક નંબર-૩૦૬૦૮-૦૭૪૯૧-૮ થી ધરાવે છે.

૪.૨ **અરજદારની ફરિયાદ મુજબ તેઓને વીજબીલ નિયમિત તેમજ મકાન બંધ રહેતું ન હોવા છતાં મકાન બંધ છે તે મુજબનું વીજબીલ આપવા બાબતે તેમજ મીટરમાં નોંધાયેલ રીડીંગ મુજબ આપવામાં આવતું નથી અને** વીજબીલ માહે ઓગસ્ટ-૨૦૨૦ માં પ્રોવિઝન બીલ સપ્ટેમ્બર-૨૦૨૦ ના બીલમાં રૂ.૨૮૩૦/- ની રકમ ઉમેરીને વસુલ કરેલ છે તે રકમ જમા આપવા અને મીટર રીડર પાસે પોતાનું ઓળખકાર્ડ રાખવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.3 **અરજદારની રજૂઆત મુજબ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા વીજબીલીંગ નું કામ "સ્ટાર એન્જીનીયરીંગ કંપની ને સોપેલ છે જેથી અરજદારની ફરિયાદ તા.૨૭-૦૭-૨૦૨૧ ના અનુસંધાને સદર એજન્સીને મવડી રોડ**

**પેટાવિભાગીય કચેરીના લેખિત પત્ર ૪૮૧૦ તા.૨૭-૦૪-૨૦૨૧ થી મીટરમાં નોંધાયેલ રીડીંગ જોઇને વપરાશ મુજબનું બીલ આપવા મીટર રીડરને આપવા જાણ કરેલ છે.**

૪.૪ **અરજદારના** માહે ઓગષ્ટ-૨૦૨૦ ના બીલમાં મીટર રીડર દ્વારા કોઇપણ જાતના રીડીંગ લીધા વગર મકાન બંધ છે તે એવરેજ બીલ આપેલ હતું. જેની છેલ્લી તા.૧૯-૦૮-૨૦૨૦ હોવા છતાં બીલની રકમ ભરપાઈ કરી આપેલ છે. ત્યારબાદ માહે સપ્ટેમ્બર-૨૦૨૦ ના બીલમાં માહે ઓગષ્ટ-૨૦૨૦ ના બીલની રકમ ઉમેરીને રૂ.૨૮૩૦ આવેલ છે. જે અનુસંધાને પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા રજુ કરેલ પી.આર.ટી.-૧૪૫ મુજબ વીજબીલની વિગત નીચે મુજબ છે.

| Month/ Year | 2020 | | | | | 2021 | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Curr-Rdg | Billed Unit | MST | Bill Date | +/- day | Curr-Rdg | Billed Unit | MST | Bill Date | +/- day |
| JAN | 11133 | 113 | | 17-01-20 | 1 | 13330 | 100 | | 01-02-21 | -5 |
| FEB | 11246 | 113 | | 18-02-20 | 2 | 13452 | 122 | | 02-03-21 | -1 |
| MAR | 11365 | 119 | | 17-03-20 | -2 | 13593 | 141 | | 28-03-21 | -4 |
| APR | 11818 | 453 | | 24-05-20 | 8 | 13731 | 138 | | 18-04-21 | -9 |
| MAY | | | | | | 14019 | 288 | | 25-05-21 | 7 |
| JUN | 12158 | 340 | | 09-07-20 | 16 | | | | | |
| JUL | 12434 | 276 | | 19-08-20 | 11 | | | | | |
| AUG | 12434 | 280 | L | 13-09-20 | -5 | | | | | |
| SEP | 12839 | 405 | | 16-10-20 | 3 | | | | | |
| OCT | 12992 | 153 | | 11-11-20 | -4 | | | | | |
| NOV | 13118 | 126 | | 10-12-20 | -1 | | | | | |
| DEC | 13230 | 112 | | 07-01-21 | -2 | | | | | |

૪.૫ **ઉપરોક્ત બાબત પરથી સ્પષ્ટ થાય છે કે અરજદારનું માહે ઓગષ્ટ-૨૦૨૦ નું વીજબીલ તા.૧૩-૦૯-૨૦૨૦ ના રોજ મીટર ની સ્થિતિ "L" એટલેકે બંધ મકાન અથવા મીટર રીડીંગનું વાંચન કોઇપણ કારણોસર સુલભ થયેલ ન હોય, જેથી પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા સદર વીજબીલ નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં. ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં ૬.૨૧ મુજબ અપાયેલ છે જે નિયમાધીન યોગ્ય છે.**

૪.૬ **વીજબીલ માહે ઓગષ્ટ-૨૦૨૦નું "L" સ્ટેટ્સનું લોકનું ૨૮૦ યુનિટ અરજદારના સરેરાશ વપરાશ મુજબ ગણીને (આગલા રીડીંગ ૧૨૪૩૪ અને હાલના રીડીંગ ૧૨૪૩૪) રૂ.૧૯૯૬.૪૦ નું વીજબીલ તા.૧૩-૦૯-૨૦ ના રોજ આપેલ છે. ત્યારબાદ વીજબીલ માહે સપ્ટેમ્બર-૨૦ મા મીટર રીડર દ્વારા સદર વીજજોડાણનું બીલ મીટરમાં નોંધાયેલ રીડીંગ મુજબ ૪૦૫ યુનીટને બે મહિનાના વીજવપરાશ મુજબ યુનિટના બિલના બે ભાગ પાડીને લાગુ પડતા ટેરીફ યુનિટ ના ભાવ મુજબ બીલ રૂ.૨૮૨૪.૧૨ અપાયેલ છે તેમજ સદર બીલમાં માહે ઓગષ્ટ-૨૦ ના પ્રોવિઝનલ બીલ ની રકમ રૂ.૧૯૯૬.૪૦ બાદ કરેલ છે. જે બીલ નિયમાધીન યોગ્ય અને ભરપાઈ કરવાને પાત્ર છે.**

૪.૭ **અરજદારની રજૂઆત મુજબ વીજભાર નિયમિત મળતું ન હોય તે અનુસંધાને જણાવવાનું કે સપ્લાય કોડ ક્લોઝ નં – ૬.૧૭ નીચે મુજબ છે.** "સામાન્ય રીતે મીટરનું વાંચન માસિક બીલ અવધી માટે મીટર વાંચન ની તારીખ ± 3 કામકાજ ના દિવસો અને દ્વિમાસિક બીલ અવધી માટે નિયત તારીખ ± 5 કામકાજના દિવસો એ કરશે અને ગ્રાહક પરવાનેદાર કે તેના અધિકૃત પ્રતિનિધિને મીટર વાંચવા તમામ સુવિધા આપશે. તે મુજબ અરજદારને **ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ મુજબ સ્પષ્ટ થાય છે કે માહે ઓગષ્ટ-૨૦૨૦, માહે ઓક્ટોબર-૨૦૨૦, માહે જાન્યુઆરી-૨૦૨૧, માહે એપ્રિલ-૨૦૨૧ અને માહે મે-૨૦૨૧ ના માસિક વીજબીલો** ± 3 દિવસોના તફાવતને ધ્યાને લેતા નિયમિત અપાયેલ નથી. જે અનુસંધાને પી.જી.વી.સી.એલ. પક્ષકાર ની રજૂઆત મુદ્દા નં 3.3

મુજબ કોવિડ-૧૯ની મહામારીના કારણોસર વીજબીલ નિયમ અનુસાર કરતા થોડા દિવસોની વધઘટ થવા પામેલ છે જે રજૂઆત મહામારી સબબ હોય માન્ય રાખવામાં આવે છે. વધુમાં અરજદારની રજૂઆત ધ્યાને લેતા **સપ્લાય કોડ ક્લોઝ નં – ૬.૧૭ મુજબ અરજદારને વીજબીલ નિયમિત મળે તે અંગે યોગ્ય કાર્યવાહી કરવાની પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.**

૪.૮ અરજદારની રજૂઆત મુજબ મીટર રીડર પાસે પોતાનું ઓળખકાર્ડ રાખવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે તે અનુસંધાને નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં. ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં – **૬.૧૮ મુજબ** " મીટરનું વાંચન પરવાનેદારના અધિકૃત પ્રતિનિધિ દ્વારા કરાશે. પરવાનેદાર તમામ મીટર વાચકોને યોગ્ય ફોટો ઓળખ કાર્ડ આપશે અને મીટર વાચકો મીટર વાંચનની કામગીરીના સમય દરમ્યાન ફોટો ઓળખકાર્ડ સાથે રાખવાનું રહેશે.'' જે અન્વયે પી.જી.વી.સી.એલ. ની રજૂઆત મુજબ મીટર રીડર ને ઓળખકાર્ડ આપવામાં આવેલ જ છે તેમ છતાં સદર બાબતે મીટર રીડરને ઓળખકાર્ડ ડિસ્પ્લે થાય તે રીતે રાખવા અંગે યોગ્ય કાર્યવાહી કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

**૪.૯** ઉપરોક્ત મુદ્દા નં. ૪.૭ અને ૪.૮ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

**૪.૧૦** આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (એન.એચ.જોષી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯